હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અમે તમને પૂછ્યું કે દારબંધી છે તો પણ દારૂ ક્યાંથી આવે છે...? એમ અમે વેક્સિન આપીએ તો કોરોના ક્યાંથી આવે... એવું ન પૂછાય...!!

મધ્યાહન ભોજન યોજનાના ૧૦૦ કર્મચારીઓની અટકાયત

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતેથી ૧૦૦ જેટલા મધ્યાહન ભોજન યોજનાના કર્મચારી ભાઈ-બહેનોની અટકાયત કરવામાં આવી હતી. પોતાના પડતર પ્રશ્નોના ઉકેલ માટે રાજયભરમાંથી કર્મચારીઓ અચોક્કસ મુદતના ઉપવાસ પર ઉતરીને વિરોધ પ્રદર્શીત કરવાના હતા.

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ છેલ્લા કેટલાક સમયથી પોતાના પડતર પ્રશ્નો માટે વારંવાર મુખ્યમંત્રીને રજુઆત કરે છે. સામાન્ય વેતનમાં મધ્યાહન યોજનાના કર્માચારીઓ કામ કરે છે. સંચાલકને રૂ.૧૬૦૦, રસોઈયાને રૂ.૧૪૦૦ અને મદદનીશને તેના પગારમાં ઘર ચલાવવુ મુશ્કેલ બન્યું

થી પણ ઓછુ વેતન મળે છે. આ કારમી મોંઘવારીમાં પણ સામાન્ય છે.ત્યારે આ કર્મચારીઓની વેદના સરકારને કાને સંભળાતી નથી. વિવિધ મંડળો દ્વારા કર્મચારીઓએ લેખિત તેમજ મૌખિક રજુઆત કરી છે. તેમ છતા પડતર પ્રશ્નો અંગે કોઈ ઉકેલ આવ્યો નથી. તેની માંગણી લઘુતમ વેતન, એનજીઓ રદ કરવી, નવા નિયમ મુજબ નાસ્તો અને જમવા માટે અલગથી સામાન અને પેશગી આપવા માટે અનુરોધ કરાયો છે. ત્યારે પડતર માંગણીઓનો ઉકેલ ના આવતા આજે ત્રણ મંડળો દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે કર્મચારીઓ દ્વારા અચોક્કસ મુદતના ઉપવાસ પર ઉતરવાના હતા.ત્યારે છાવણી ખાતે સવાર થી જ પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. ત્યારે છાવણી ખાતે આવી પહોંચેલા ૧૦૦ જેટલા કર્મચારીઓ ભાઈ-બહેનો સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખૂણેખાંચરેથી

- રાજ્ય મંત્રીમંડળના સભ્ય ઈશ્વરભાઈ પટેલ કોરોનાથી સંક્રમિત થયા છે.
- સમર્પણ મૂક બધિર શિશુ વિદ્યા મંદિર દ્વારા નવા મકાનમાં આજે પ્રવેશ કરશે અને આ અંગે ખાસ સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિની આજે સાંજે ૬ વાગે રાયસણ નજીકના આરઓ પાર્ટીપ્લોટમાં વિસ્તૃત કારોબારી બેઠકનું આયોજન કરાયુ છે.
- ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ મહીસાગરના ધૈર્યરાજસિંહનો મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી અથવા ધારાસભ્યની ગ્રાન્ટમાંથી સહાય આપવા માંગ કરી છે. આ બાળક માટે પૂર્વ ધારાસભ્યો કામિનીબા રાઠોડ અને અમીત ચૌધરીએ પણ ફાળો એકત્ર કરવાની કામગીરીમાં જોડાયા છે.
- આજે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે રોજગાર વિનીયમ કચેરીની સલાહકાર સમિતિની બેઠક મળશે.
- અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની પણ આજે બોર્ડ બેઠક મળશે.
- ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિમાં છેલ્લા એક વર્ષથી મ્યુનિ. કમિશનર હાજરી નહિ આપતાં હોવાથી મનપામાં નવો વિવાદનો મધપૂડો છંછેડાયો છે.

સે-૨૪ પોલિટેકનિક કોલેજમાં ગટરના દુષિત પાણી બેક મારતા સ્થાનિકો ત્રાહીમામ

આખી કોલોનીમાં લાઇન બ્લોક હોવાના લીધે સમસ્યા વધુ

જટીલ : તંત્ર સમક્ષ રજુઆત છતા કોઇ પગલા લેવાતા નથી

ગાંધીનગર તા ૧૫

શહેરના સેકટર -૨૪ માં સ્થિત પોલિટેકનિક કોલોનીમાં છેલ્લા ઘણાં સમયથી ગટર લાઈન

ચોક અપ હોવાના લીધે સ્થાનિકો તોબા પોકારી ગયા છે. પોલિટેકનિક કોલેજનો સ્ટાફ આ મકાનોમાં વસવાટ કરે છે.જયારે સમગ્ર કોલોનીમાં લાઇન ચોક અપ હોવાના લીધે દુષિત પાણી બેક મારે છે. આ મામલે સ્થાનિકો કક્ષાએથી તંત્રને રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. અસહ્ય દુર્ગંધ અને ગંદકીની સમસ્યાથી રહીશો રોગચાળાની દહેશત અનુભવી રહ્યા છે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો ઉઠવા પામે છે. સેકટરામાં ગટરોના દુષિત પાણી ફરી વળતા હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઉઠાવી રહ્યા છે. ત્યારે ગટર લાઇનના ચોક અપને દુર કરવા માટે તેમજ લાઇનની યોગ્ય સફાઇ કરવા માટે રોબોર્ટ તેમજ સુપર સકર મશીન પણ કામે લગાડાયુ છે. જો કે દાયકાઓ જુની ગટર લાઇનના લીધે ગટર લાઇનમાં વારંવાર ક્ષતિ આવતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સ્માર્ટ સીટી અન્વયે સમગ્ર શહેરમાં મોટા ડાયામીટરની નવી લાઇન નાંખવાનુ આયોજન કરાયુ છે. જો કે આ કામગીરી પુર્ણ થતા હજુ વાર લાગશે. પરંતુ હાલ સેકટરોમાં ગટરો ઉભરાવાના પ્રશ્નો યથાવત છે. સે-૨૪ માં પોલિટેકનિક કોલોનીમાં છેલ્લા ઘણાં સમયથી ગટરનુ દુષિત પાણી ફરી વળતા સ્થાનિકો તોબા પોકારી ગયા છે. સોસાયટીમાં અંદાજિત ૧૦૦ જેટલા મકાનો છે. જયારે આ વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ગટર લાઇન ચોક અપ થવાના લીધે દુષિત પાણી બેક મારતા રહીશો ગંદકી વચ્ચે ગુંગળામણ અનુભવી રહ્યા છે. હાલ આ મકાનોમાં પોલીટેકનિક કોલેજનો સ્ટાફ વસવાટ કરે છે. જયારે ગટરા લાઇનની સમસ્યાના લીધે તેમના પરિવારજનો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. આ અન્વયે સંબંધિત તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા હજુ સુધી કોઇ પગલા લેવાયા નથી. આખી કોલોનીમાં ગટર લાઇન ચોક અપ હોવાથી સ્થાનિકો ગંદકી વચ્ચે રોગચાળાની દહેશત પણ વ્યકત કરી રહ્યા છે. તંત્ર દ્વારા ત્વરિત તેમની સમસ્યાનો નિકાલ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ સ્થાનિકોએ વ્યકત કરી છે.

લાખણી તાલુકાના જસરા ખાતે શિવરાત્રીના રોજ ૧૦ મો અશ્વ શો યોજવામાં આવ્યો હતો જેમાં મિલ્કટીથ કેટેગરીમાં ગાંધીનગરના સે-૨૮ કુલદીપ દેસાઇ (મેઉના વતની) ના વછેરા રાજકેસરે દ્વીતીય સ્થાન મેળવ્યુ હતુ. આ કેટેગરીમાં ૫૦ વછેરાઓએ ભાગ લીધો હતો. તેમનો વછેરો વિજેતા થતા આયોજક સમિતિ દ્વારા ટ્રોફી રોકડ પુરસ્કાર તથા પ્રમાણ પત્ર એનાયત કરવામાં આવ્યુ હતુ.

ઈન્ડીયા-ઈગ્લેન્ડ મેચ પર સટ્ટો રમતા ત્રણ સટ્ટોડીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

ઈન્ડીયા-ઈગ્લેન્ડ ૨૦-૨૦ મેચ પર મોબાઈલ એપ દ્વારા ક્રિકેટનો સટ્ટો રમતા ૩ યુવકોને રૂ,૧,૩૩,૦૦૨ ના મુદ્દામાલ સાથે અડાલજ પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા. તે સમયે ઉવારસદ ટીપી.૯ પાસે પ્રમુખ પેશીફિક શોંપીગ સેન્ટર આગળ લોકરક્ષક હિતેન્દ્રસિંહને બાતમી મળી હતી કે શીવ મોબાઈલ નામની દુકાન પાસે કેટલાક શખ્સો ઈન્ડીયા-ઈગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલી મેચ પર રૂપીયાથી હારજીતનો સટ્ટો રમે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા ગૌરવ રમેશકુમાર ઠક્કર (રહે દુ.નં.૩ ખોડીયાર ડેરી એન્ડ પાર્લર સાર્થક એરા ટીપી-૯ ગાંધીનગર), જનક દિપકભાઈ ઠક્કર (રહે. એ.૧૦૪ પ્રમુખ ગ્લોરી તેમજ તેજસ જગદીશભાઈ ખરોટે (રહે. સી.૨૦૩ પ્રમુખ ઓએસીસ) ૨૦-૨૦ મેચ પર ક્રિકેટ લાઈન ગુરુ નામની એપ્લીકેશનમાં હારજીતનો સટ્ટો ચિંતરંજન ઉર્ફે ચેતનભાઈ ઠક્કર (રહે.ભવાની મંદિર હારીજ જી.પાટણ) મોબાઈલ પર ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા કિં.૧,૩૩, લાખના મુદ્દામાલ સાથે ત્રણેય ને પકડી પાડી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બિલેશ્વરપુરા પ્રાથમિક શાળામાં "ચકલી વધાઓ" કાર્યક્રમ યોજાયો

ઉનાળાના પ્રારંભે જ્યારે ચકલી પોતાનો માળો બાંધવાનું શરૂ કરે છે ત્યારે માર્ચ માસની ૨૦મી તારીખે "વિશ્વ ચકલી દિવસ" ઉજવાય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં લુપ્ત થતી ચકલીને ફરી આંગણામાં ચીં ચી કરતી જોવા પ્રકૃતિ પ્રેમીઓ પ્રયાસ કરી રહ્યાં છે અને તેમાં સારી એવી સફળતા પણ મળી રહી છે. તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના બિલેશ્વરપુરા ગામની પ્રાથમિક શાળામાં પણ "ચકલી વધાઓ" નામથી એક પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો જે બાળકોને પસંદ પડ્યો હતો. બિલેશ્વરપુરા પ્રાથમિક શાળાના શિક્ષિકા મિત્તલબેન પંડ્યાએ પોતાના ઘરે લગાડેલા ચકલીઘરમાં ચકલી આવતાં તેમનો દિકરો પ્રસન્ન થયેલો જોઈને શાળાના બાળકોને પણ આ ખુશી પહેંચવાનો વિચાર આવ્યો તેથી તેમણે વધુ ચકલીના માળા બનાવડાવ્યા હતા. આ માળાઓ પર બાળકોને પ્રકૃતિ આધારિત ચિત્ર દોરવા પ્રેરિત કર્યા અને ૩૦ બાળકોએ તેના પર વિવિધ સર્જનાત્મકતા દાખવી હતી તેમજ તે માધ્યમથી તેઓ પ્રકૃતિના જતનના પાઠ ભણ્યા હતા.

ગ માર્ગ પર નિયમોની ઐસી તૈસી વચાળે જ પાર્કીંગ અને આજબાજુ દબાણ

ગાંધીનગર તા ૧૫

શહેરમાં ગ માર્ગને સિકસલેન કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે બીજીતરફ માર્ગ પર અન્ડર પાસના નિર્માણનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જેના લીધે ટ્રાફિક ડાયવર્ટ કરાયો છે. પરંતુ ગ માર્ગ પર ગ-૦ નજીક સ્થિત આર ટી ઓ કચેરી પાસે માર્ગ વાઈડનીંગની કામગીરીના લીધે માર્ગ સલામતી જોખમમાં મુકાઈ છે. માર્ગ વચાળે જ વાહનો પાર્ક કરી દેવામાં આવે છે. જયારે માર્ગની આસપાસ દબાણોએ અડ્ડો જમાવ્યો છે. ત્યારે ટ્રાફિક જામ વચ્ચે ગમે ત્યારે અકસ્માત થાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. સ્થાનિક રહીશો પણ આ સ્થિતિ વચ્ચે તંગ થઈ ગયા છે.

શહેરના ગ માર્ગને સિકલલેન બનાવાનુ કામ હજુ પુર્ણ થયુ નથી જયારે સિકલેનની કામગીરી ચાલુ હતી તે દરમિયાન જ તંત્ર દ્વારા અન્ડર પાસના નિર્માણનુ કામ પણ શરૂ કરી દેવાતા હાલ ગ માર્ગ પર ટ્રાફિક સિનારિયો બદલાયો છે. માર્ગ આસપાસ ખોદકામ કરવામાં આવ્યુ છે. ત્યારે વાહનોની અવરજવર વચ્ચે વારંવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે. ગ માર્ગ પર આરટી ઓ કચેરી પાસે એકબાજુ માર્ગનુ કામ ચાલી રહ્યુ છે. ત્યારે કચેરીમાં આવતા મુલાકાતીઓ પણ તેમના વાહનો માર્ગ વચાળે આડેધડ મુકી દેતા ટ્રાફિક માટે અડચણ ઉભી થાય છે. ગ માર્ગ પર આર ટી ઓ કચેરી પાસે વાહનો માર્ગ વચાળે મુકી દેવાતા દિવસ દરમિયાન જાણે વન વે થઈ જતો હોય તેવા દ્રશ્યો જોવા મળે છે. આર ટી ઓ કચેરીના લીધે કચેરી બહાર માર્ગ પર ટ્રક સહીતના ભારે વાહનોની કતાર જોવા મળે છે. જયારે માર્ગની એકબાજુએ લારી ગલ્લાના દબાણોનો પણ અડ્ડો જોવા મળી રહ્યો છે. છેલ્લા ઘણાં સમયથી આ માર્ગ પર દબાણો ખડકાયેલા છે. જયારે દબાણો તેમજ પાર્કીંગની વકરતી સમસ્યાના લીધે સ્થાનિક રહીશો પણ પરેશાન છે. આમછતા હજુ સુધી કોઈ પગલા લેવાતા નથી બીજીતરફ દબાણોની ભરમાર વચ્ચે આડેધડ વાહનોનો ખડકલો થતા માર્ગ સલામતી પણ જોખમમાં મુકાઈ છે. આર ટી ઓ કચેરીના આંગણે જ ટ્રાફિક નિયમનની ઐસી તૈસી કરીને બિન્દાસ્ત રીતે વાહનો ખડકાય છે. આ ઉપરાંત દબાણની સમસ્યા પણ જુની છે. આ મામલે અગાઉ સ્થાનિકો દ્વારા પણ રજુઆત કરવામાં આવી છે. આમછતા હજુ સુધી આ સમસ્યાનો કોઈ નિકાલ આવતો નથી. શહેરના મુખ્યમાર્ગોપર ટ્રાફિક નિયમનનો ભંગ થાય તો દંડ વસુલી કરવા માટે કેમેરાની વોચ પણ રાખવામાં આવી છે. ત્યારે આર ટી ઓ કચેરી પાસે ડગલે ને પગલે ટ્રાફિકના નિયમનનો ભંગ થાય છે. વાહનચાલકોની સલામતી જોખમાય છે.

શ્યામ સખા પરિવાર દ્વારા સે-૩ માં સેકટરના મહીલા અગ્રણી ચંદાબેન યાદવના નિવાસ સ્થાન પાસે રાત્રિના ખાંટુ શ્યામજીના ભજનનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ દરમિયાન અખંડ જયોત અને પુજા આરતીનો ભાવિકોએ લાભ લીધો હતો. સેકટરના રહીશો તેમજ નગરના અગ્રણીઓએ મોટી સંખ્યામાં શ્યામજીના ભવ્ય શણગાર અને દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ભજનની સાથે મહાપ્રસાદનુ પણ આયોજન કરાયુ હતુ. શ્યામ સખા પરિવારના પ્રમુખ નરેશ યાદવે આ ભજન કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

સૂર્યોદય સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડનો આઈપીઓ ૧૭ માર્ચ, ૨૦૨૧ના રોજ ખુલશે

વ્યાજના ચોખ્ખા માર્જિન, એસેટ પર વળતર, યીલ્ડ અને ડિપોઝિટમાં વૃદ્ધિની દ્રષ્ટિએ ભારતની અગ્રણી સ્મોલ ફાઇનાન્સ બેંક છે તથા નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં આવકમાં ખર્ચનો સૌથી ઓછો રેશિયો ધરાવતી ભારતમાં સ્મોલ ફાઇનાન્સ બેંકો (જીહ્લમ્જ) વચ્ચે સ્થાન ધરાવતી (સ્ત્રોતઃ ક્રિસિલનો રિપોર્ટ) સૂર્યોદય સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ ("બેંક")નો રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ (ઇનિશિયિલ પબ્લિક ઓફર) ૧૭ માર્ચ, ૨૦૨૧ના રોજ ખુલશે ("ઈક્વિટી શેર" અને આ પ્રકારની ઈનિશિયલ પબ્લિક ઓફર, "ઈશ્યૂ"). આ ઈશ્યૂ ૧૯ માર્ચ, ૨૦૨૧ના રોજ બંધ થશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૩૦૩થી રૂ. ૩૦૫ નક્કી કરવામાં આવી છે.

ઈશ્યૂમાં ૮,૧૫૦,૦૦૦★ ઈક્વિટી શેર સુધીનો ફ્રેશ ઈશ્યૂ ("ફ્રેશ ઈશ્યૂ") અને ૧૦,૯૪૩,૦૭૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર ("વેચાણ માટેની ઓફર") સામેલ છે, જેમાં ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશનના ૪,૩૮૭,૮૮૮ સુધીના ઈક્વિટી શેર, ગજ કેપિટલ ફંડ્સ લિમિટેડના ૨,૦૨૧,૯૫૨ સુધી ઈક્વિટી શેર, ડીડબલ્યુએમ (ઇન્ટરનેશનલ) મોરેશિયસ લિમિટેડના ૧,૮૮૯,૮૪૫ સુધીના ઈક્વિટી શેર, એચડીએફસી હોલ્ડિંગ્સના ૭૫૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડના ૧,૫૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર, અમેરિકોર્પ વેન્ચર્સ લિમિટેડના ૧૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેર, કોટક મહિન્દ્રા લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડના ૧૮૬,૯૬૬ સુધીના ઈક્વિટી શેર અને ગજ કેપિટલ ઈન્ડિયા એઆઈએફ ટ્રસ્ટના ૧૦૬,૪૧૯ સુધીના ઈક્વિટી શેર (ગજ ટ્રસ્ટી કંપની પ્રાઈવેટ લિમિટેડ, એના ટ્રસ્ટી દ્વારા પ્રતિનિધિત્વ) સામેલ છે (સંયુક્તપણે "વિક્રેતા શેરધારકો" અને આ પ્રકારના ઈક્વિટી શેર "ઓફર થયેલા શેર" તરીકે ઉલ્લેખ થયો છે)

કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ આજે ખુલશે

ટેકનોપેક રિપોર્ટ મુજબ, ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધી આવકને આધારે ભારતમાં સૌથી મોટી જ્વેલરી કંપનીઓ પૈકીની એક કલ્યાણ જ્વેલર્સ ઈન્ડિયા લિમિટેડ ("કંપની")ના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) ૧૬ માર્ચ, ૨૦૨૧ના રોજ આવશે ("ઈક્વિટી શેર" અને આ પ્રકારની ઈનિશિયલ પબ્લિક ઓફર, "ઓફર"). આ ઓફર ૧૮ માર્ચ, ૨૦૨૧ના રોજ બંધ થશે. ઓફરનો પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૮૬થી રૂ. ૮૭ નક્કી કરવામાં આવે છે.

રોકાણકારો માટે જોખમોઃ ઓફર સાથે સંકળાયેલા પાંચ લીડ મેનેજર્સે છેલ્લા ત્રણ વર્ષમાં ૩૨ પબ્લિક ઈશ્યૂનું સંચાલન કર્યું છે, જેમાંથી ૧૧ ઈશ્યૂ લિસ્ટિંગ ડેટ પર ઈશ્યૂ પ્રાઈઝથી નીચે ખુલ્યાં હતાં. અપર પ્રાઈસ બેન્ડ રૂ. ૫૮.૩૯ પર કંપની માટે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ડાઈલ્યુટેડ ઈપીએસ (શેરદીઠ આવક) પર આધારિત કિંમત/આવકનો રેશિયો. ઓફરમાં વિક્રેતા શેરધારકો માટે ઈક્વિટી શેર ખરીદવાનો સરેરાશ ખર્ચ ઈક્વિટી શેરદીઠ શૂન્યથી ઈક્વિટી શેરદીઠ રૂ. ૫૬.૬૧ છે તથા અપર પ્રાઈસ બેન્ડ પર ઓફર પ્રાઈસ ઈક્વિટી શેરદીઠ રૂ ૮૭ છે.

ઉમેદવારીપત્રો ભરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થોભો અને રાહ જુઓની નીતિ અખત્યાર કરવામાં આવી છે. જો કે સવારે ૧૦ વાગ્યા સુધીમાં આ અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે તેમ જાણવા મળેલ છે. જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપનો ૧૯ બેઠક પર વિજય થયો છે જ્યારે કોંગ્રેસ પક્ષનો ૯ બેઠક પર વિજય થયો છે.

જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળનારી બેઠકમાં માત્ર પ્રમુખ અને ઉપ પ્રમુખ પદની ચૂંટણીની પ્રક્રિયા જ હાથ ધરવામાં આવશે તેમ પંચાયતના સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે.

નીલગાયનો ત્રાસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિયંત્રણના નિયમો પણ અમલમાં મુકાયા છે. પરંતુ નીલગાયના લીધે અત્યાર સુધી સેંકડો અકસ્માત થયા છે. ત્યારે નીલગાયનુ પ્રમાણ વધતા પૈડા પરની જિન્દગી વધુ જોખમાઈ છે. વનતંત્ર દ્વારા આ નીલગાયને પકડવા માટે ઝુંબેશ હાથ ધરવા મોટ પણ માંગ ઉઠવા પામી છે. વારંવાર માર્ગો પર અચાનક દોડી આવતી નીલગાય ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી ભયજનક સ્થિતિ છે ત્યારે સેકટરના જાગૃત નાગરિકોએ પણ આ સમસ્યાનુ નિરાકરણ લાવવા માટે પણ રજુઆત કરી છે.

વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેન્દ્રમાં ચાલે છે. જ્યારે ૧૧૩ આંગણવાડી ભાડાના મકાનમાં કાર્યરત છે. મંત્રીએ જણાવ્યુ છે કે આંગણવાડીઓ માટે જમીન મળ્યેથી વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત બાંધકામ માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

● અને છેલ્લે...

કોંગીના ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓની મંજૂર જગ્યાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે રાજ્યમાં ૨૩૫ મંજૂર થયેલ જગ્યાઓ છે. જે પૈકી ૧૬૩ જગ્યાઓ ભરાયેલી છે જ્યારે ૭૨ જગ્યાઓ ખાલી છે.

કોરોના વક્ર્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે નોંધાયેલા ૧૦ કેસમાં સે. ૪ માંથી ૩, સે. ૨ માં ૨ ઉપરાંત સે. ૧૩, ૩૦, ૭, ૨૬ અને ઈન્ફોસીટી વિસ્તારમાંથી કેસ મળી આવ્યા છે. શહેરમાં કોરોના માટે સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી કેસો મળવાના પુનઃ શરૂ થતાં તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં કેસોની સંખ્યામાં વધઘટ અને કેસોનો વૃદ્ધિદર એ તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો છે.

બીજો પ્રયત્ન
ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ-૨૦૨૦-૨૦૨૧
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે વિવિધ વિસ્તારમાં Construction of Wall & Fencing around Recharge well in Various Sectors in GMC area. કામગીરી માટેનું ટેન્ડર એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટે.નં.	કામનું નામ	ટેન્ડર ફી	ઈ.એમ.ડી.
નં.૮૩ ૨૦૨૦/૨૧	Construction of Wall & Fencing around Recharge well in Various Sectors in GMC area.	રૂ. ૧૫૦૦/-	રૂ. ૩૯,૨૭૦/-

ટેન્ડર ફોર્મ તા. ૧૬/૩/૨૦૨૧ થી તા. ૩૦/૩/૨૦૨૧ સુધી સમય ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.
ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી www.nprocure.com પર મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગરના નામે તા. ૬/૪/૨૦૨૧ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળે હશે તે જ ખોલવામાં આવશે.
ઓનલાઈન ટેકનીકલ ઓફરો તા. ૬/૪/૨૦૨૧ના રોજ ૧૧:૦૦ કલાકે ખોલવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. :
માહિતી/૨૧૪૨/૨૦-૨૧
સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર
સચિવાલય, ગાંધીનગર
તા. ૪/૨/૨૦૨૧
જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)
જિલ્લો : મહેસાણા
ક્રમાંક : અમ/૨૦૨૧/૭૮/મ/જમહ/૧૪૨૦/૨૧૯૨/ઘ

આ સાથે અનુસુચિમાં દર્શાવવામાં આવેલ મોજે. પળી, તા. ઉંઝા, જિ. મહેસાણાની જમીનનો જાહેર હેતુ માટે એટલે કે, જિલ્લા પંચાયત મહેસાણા દ્વારા પળી - સુરપુરા રોડના કામે જરૂર પડવા સંભવ છે. એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. તેથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) જેનો આમ હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે.)ની કલમ ૨ (૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકારો અન્વયે ગુજરાત સરકાર ઉક્ત જમીનનો રોડના જાહેર હેતુ માટે કાયદા અનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સુચિત રોડ માટે જમીન સંપાદનની દરખાસ્ત રજૂ થયેલ છે. ત્યારે આ રોડ માટે સંપાદન કરવાની થકી ઉરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર હે.આરે.ચો.મી. ૦-૧૭-૬૬ તે મહેસાણા જિલ્લાની હદમાં આવે છે.

૩. હવે જ્યારે ઉક્ત રોડ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૧૭-૬૦ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ ૨ અને ૩ના જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી સદરહુ અધિનિયમની કલમ ૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ ૧૨મો)ની કલમ-૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં કાર્યપાલક ઈજનેરશ્રી મા. અને મ. વિભાગ, (પંચાયત) જિલ્લા પંચાયત મહેસાણાના પળી - સુરપુરા રોડ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ હે.આરે.ચો.મી. ૦-૧૭-૬૬ જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ ૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

અનુસુચિ

જિલ્લો : મહેસાણા તા. ઉંઝા, ગામ : પળી

સર્વે/બ્લોક નંબર નવા/જુના	સંપાદન થતી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	જે જાહેર હેતુ માટે જરૂરી છે જાહેર હેતુ
૨૦૦(૨૫૪/૧)	૦-૧૭-૬૬	પળી-સુરપુરા રોડ જિલ્લા પંચાયત મહેસાણાના કામે કાયમી વળતર કેસ નં. ૦૧/૨૦૨૦

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
એચ. જે. રાઠોડ
સરકારના ઉપસચિવ
ક્રમાંક : નામાનિ/મહે/૪૩૧/૨૦૨૦-૨૧